# ગયબતના
# ઝમાનામાં
# દીનની
# હિફાઝત

કિતાબનું નામ : ગયબતના ઝમાનામાં દીનની હિફાઝત

પ્રકાશનનું વર્ષ : શાબાન, હી.સ. ૧૪૩૫, ઈ.સ. ૨૦૧૪

પ્રકાશક : એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)
પો.બોક્સ નં. ૧૯૮૨૨
મુંબઇ – ૪૦૦ ૦૫૦

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| **૧** | **દીનનું મહત્ત્વ** | **૪** |
| ૨ | દીનની શરૂઆત | ૫ |
| ૩ | અંત ખચ્ચર ઉપર થવો | ૭ |
| ૪ | દીનની હિફાઝતનું મહત્ત્વ | ૧૦ |
| **૫** | **ગયબતના ઝમાનામાં દીનની હાલત** | ૧૨ |
| ૬ | દીનનો દુશ્મન શયતાન | ૧૨ |
| ૭ | અમલનો શણગાર | ૧૩ |
| ૮ | મસ્જીદોની હાલત | ૧૮ |
| ૯ | હજ્જ અને ઝિયારત | ૧૮ |
| ૧૦ | શક અને શંકાઓ | ૨૦ |
| ૧૧ | સખત ઈમ્તેહાન | ૨૧ |
| **૧૨** | **ગયબતના ઝમાનામાં દીનની હિફાઝત** | ૨૫ |
| ૧૩ | ખુદાવંદે આલમની ઈનાયતો | ૨૫ |
| ૧૪ | અમલમાં ખુલુસતા | ૨૬ |
| ૧૫ | એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત | ૨૮ |
| ૧૬ | તેનાથી શ્રેષ્ઠ કોઈ રસ્તો નથી | ૩૨ |
| ૧૭ | દોઆએ મઅરેફત | ૩૩ |
| ૧૮ | ઈમામતના અકીદા ઉપર સાબિત કદમ રહેવું | ૩૫ |
| ૧૯ | આખરી શબ્દો | ૩૭ |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ صَلَّی اللهُ عَلَیۡكَ یَا وَلِیَّ الۡعَصۡرِ اَدۡرِكۡنَا

# દીનનું મહત્ત્વ

રસુલે ખુદા (સ.અ.વ.)ના નૂરે નઝર, જનાબે બતુલ (સ.અ.)ના જીગરના ટુકડા, હઝરત અલીએ મુરતુઝા (અ.સ.)ના આંખોની ઠંડક, હઝરત હસને મુજતબા (અ.સ.)ના દિલના સુકુન, સય્યદુશ શોહદા હઝરત હુસૈન (અ.સ.)ની આરઝુ, ખાતેમુલ અવ્સીયા, બકીય્યતુલ્લાહ, હુજ્જતે ખુદા હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી ઈમામે ઝમાના હઝરત ઈમામ મહદી (અલય્હે આલાફુત તહીય્યતો વસ્સનાઅ)ની વિલાદતના મુબારક મૌકા ઉપર આપ તમામ હઝરાતની બાબરકત ખિદમતમાં મુબારકબાદીનો તોહફો પેશ કરતા ઈમામ (અ.સ.)ના આબાઅ વ અજદાદ, અઈમ્મએ તાહેરીન (અ.મુ.સ.)ની અઝમતો અને કુરબાનીઓના વાસ્તાથી ખુદાવંદે કરીમની બારગાહમાં ખુબજ આજીજી અને જરૂરતમંદતા, પુર ખુલુસ અને મજબુત યકીનની સાથે દોઆ કરીએ છીએ કે અલ્લાહનો વાયદો હઝરત ઈમામે અસ્ર (અ.સ.)ના ઝુહુર સ્વરૂપે જલ્દીથી જલ્દી અમલી થાય, બધી બાજુથી ઝુલ્મ અને અત્યાચારનો અંત આવે અને અદ્લ તથા ઈન્સાફનો ઝમાનો કાયમ થાય, ગદીરી દીનનું વર્ચસ્વ હોય, જનાબે ઝહરા (સ.અ.)ના દિલને સુકુન હોય, હઝરત અલીએ મુરતુઝા (અ.સ.) જેવી ખરી હુકુમત ફરી અસ્તિત્વમાં આવે, દુનિયા એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયતથી ભરપૂર હોય અને આપણો દરેકનો શુમાર હઝરત વલીએ અસ્ર (અ.સ.)ના મુખ્લીસ ખિદમતગુઝારોમાં થાય. ઈલાહી આમીન.

અઝીઝાને ગિરામી! ઈન્સાનની ઝિંદગીમાં સૌથી વધારે કિંમતી અને મૂલ્યવાન ચીજ અને પૂંજી દીન છે. દીને હક તે મહાન પૂંજી છે

જેનો અંદાજ લગાવી શકાતો નથી. આજ પૂંજીના આધારે આ દુનિયામાં ઈઝઝત અને આખેરતમાં નેકબખ્તી અને નજાત પ્રાપ્ત થશે. અગર કોઈની પાસે દીને હકની પૂંજી ન હોય તો ભલે તે દુનિયાનો સૌથી ધનવાન વ્યકિત હોય પરંતુ હકીકતમાં તો તે ફકીર છે અને જે ફકીર પાસે દીનની પૂંજી છે તે હકીકતમાં ધનવાન વ્યકિત છે. ખુદાવંદે આલમે આજ દીને હક, દીને ઈસ્લામ, દીને એહલેબૈત (અ.મુ.સ.) અને ગદીરી દીન માટે અંબીયા અને મુરસલીન મોકલ્યા, ખિલ્કતની હિદાયત માટે નુબુવ્વત, રિસાલત અને ઈમામતના સિલસિલાને કાયમ કર્યો. જેની અંતિમ કડી હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.) છે. દીને હકથી વધીને બીજી કોઈ પૂંજી નથી. એહલેબૈત (અ.મુ.સ.)એ વારંવાર તેની મહાનતા તરફ આપણું ધ્યાન દોર્યુ છે અને તેની હિફાઝત ઉપર ભાર મૂકયો છે.

આ ઉપરથી અંદાજ લગાવી શકાય છે કે આપણી ઝિંદગીમાં દીનનું મહત્ત્વ કેટલું છે. દીનને ઈન્સાનીય્યતનું માપદંડ અને ચારિત્ર્યની પાકીઝગી માટે તકવાને જરૂરી ઠેરવવામાં આવ્યો છે. મૌલા ફરમાવે છેઃ

اِعْلَمُوْا اَنَّ مِلَاكَ اَمْرِكُمُ الدِّيْنُ

***‘જાણી લ્યો કે તમારી તમામ બાબતોનું માપદંડ દીન છે.’***

(બેહારૂલ અન્વાર, ભાગ-૩૪, પાના નં. ૩૪૬)

## દીનની શરૂઆતઃ

દીન કંઈ ફકત અમૂક રિત-રિવાજોની પાબંદીનું નામ નથી. અહિંયા દીનથી મુરાદ તે દીન છે કે જેને ખુદાવંદે આલમે નાઝીલ ફરમાવ્યો છે અને હઝરત આદમ (અ.સ.)થી જેની શરૂઆત થઈ

તથા ગદીરના મૈદાનમાં જે દીન તેની સંપુર્ણતાએ પહોંચ્યો. હઝરત અલી (અ.સ.) ફરમાવે છે:

اَوَّلُ الدِّيْنِ مَعْرِفَتُهٗ وَ كَمَالُ مَعْرِفَتِهٖ

التَّصْدِيْقُ بِهٖ وَ كَمَالُ التَّصْدِيْقِ بِهٖ تَوْحِيْدُهٗ

*'દીનની શરૂઆત ખુદાની મઅરેફત છે અને તેની મઅરેફતની કમાલ એ છે કે દિલ થકી તેના વુજુદની તસ્દીક કરવામાં આવે અને તસ્દીકની કમાલ એ છે કે તેની વહદાનિય્યતનો એકરાર કરવામાં આવે.'*

(નહજુલ બલાગાહ, ખુત્બા નં. ૧)

જે શખ્સ ખુદાવંદે આલમની મઅરેફત નથી ધરાવતો તે દીનની શરૂઆતની બાબતોથી વંચિત છે. અગર આપણા દિલો વાસ્તવમાં ખુદાવંદે આલમની મઅરેફતથી મુનવ્વર હોત તો અખ્લાક અને ચારિત્ર્યની દુનિયામાં આટલો અંધકાર કયારેય ન હોત. કોઈપણ વૃક્ષના જીવંત હોવાની નિશાની તેનું હર્યુ ભર્યુ અને ફળદાર હોવું તે છે. હઝરત અલી (અ.સ.) ફરમાવે છે:

اِنَّ الدِّيْنَ لَشَجَرَةٌ اَصْلُهَا الْيَقِيْنُ بِاللّٰهِ

وَ ثَمَرُهَا الْمُوَالَاةُ فِي اللّٰهِ وَ الْمُعَادَاةُ فِي اللّٰهِ سُبْحَانَهٗ

*'ચોક્કસ દીન એક વૃક્ષ સમાન છે, તેનું મૂળ ખુદા ઉપર યકીન રાખવું છે અને તેનું ફળ ખુદાની ખાતર મોહબ્બત રાખવી અને ખુદાની ખાતર દુશ્મની રાખવી છે.'*

(મિઝાનુલ હિકમત, હદીસ નં. ૬૨૦૦)

અર્થાત્ અગર કોઈ શખ્સ ખુદા ઉપર યકીન તો ધરાવતો હોય પરંતુ ખુદાના દોસ્તો અને વલીઓથી મોહબ્બત ન કરતો હોય અથવા ખુદાના દોસ્તોથી મોહબ્બતનો દમ તો ભરતો હોય પરંતુ ખુદાના દુશ્મનોથી દુશ્મની ન રાખતો હોય તો તેનું વૃક્ષ હર્યુ ભર્યુ નથી અને તેના મૂળ સુકાઈ ગયા છે.

مَنْ وَالَا كُمْ فَقَدْ وَالَى اللهَ وَمَنْ عَادَا كُمْ فَقَدْ عَادَى اللهَ

وَمَنْ اَحَبَّكُمْ فَقَدْ اَحَبَّ اللهَ وَمَنْ اَبْغَضَكُمْ فَقَدْ اَبْغَضَ اللهَ

*'જે કોઈ તમને (એહલેબય્ત અ.મુ.સ.ને) દોસ્ત રાખે તેણે અલ્લાહને દોસ્ત રાખ્યો, જેણે તમારાથી દુશ્મની રાખી તેણે અલ્લાહથી દુશ્મની રાખી, જેણે તમારાથી મોહબ્બત કરી તેણે અલ્લાહથી મોહબ્બત કરી અને જેણે તમારાથી બુગ્ઝ (કીનો) રાખ્યો તેણે અલ્લાહથી બુગ્ઝ રાખ્યો.'*

(મન લા યહઝોરોહુલ ફકીહ, ભાગ-૨, પાના નં. ૬૧૩, હ. નં. ૩૨૧૩)

ચોક્કસ એહલેબૈત (અ.મુ.સ.)ની દોસ્તી અને વિલાયતથી વધીને ખુદાની રાહમાં કોઈપણ દોસ્તી અને મોહબ્બત નથી. તે પવિત્ર હસ્તીઓ ખુદાવંદે મોતઆલની સિફતોના મઝહર છે. તેમની દોસ્તી જ ખુદાની દોસ્તી છે અને તેમના દુશ્મનોથી દુશ્મની ખુદાની રાહમાં દુશ્મની છે. આ દોસ્તી અને દુશ્મની જ ખુદાવંદે આલમની નઝદિકી પ્રાપ્ત કરવાનો સૌથી ભરોસાપાત્ર રસ્તો છે.

## અંત ખય્ર ઉપર થવોઃ

આખેરતની તમામ સફળતાઓ અને જન્નતના દરજજાઓનો આધાર તે વાત ઉપર છે કે જ્યારે ઈન્સાન આ દુનિયાથી રૂખ્સત

થાય તો તેનો અંતિમ શ્વાસ દીન ઉપર હોય અને દીનને બચાવીને પોતાની સાથે લઈ જાય. અંતિમ પળો સુધી દીને એહલેબૈત (અ.મુ.સ.)થી જોડાએલો રહે, કારણકે ઈતિહાસમાં એવા પ્રસંગો જોવા મળે છે કે જ્યાં શરૂઆતમાં લોકો દીન ઉપર કાએમ હતા પરંતુ તેઓના અંતિમ સમયમાં તેઓ દીનથી ફરી ગયા અને આવી રીતે પોતાની આખેરત ખરાબ અને બરબાદ કરી બેઠા. ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં આ બાબતે ખાસ તાકીદ કરી છે કે જુઓ તમારૂં મૃત્યુ દીને ઈસ્લામ ઉપર થવું જોઈએ. મૌત આવે તો ફકત અને ફકત દીને ઈસ્લામ ઉપર જ આવવું જોઈએ. અલ્લાહ તઆલાનું ફરમાન છે:

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ

وَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿١٠٢﴾

*"અય ઈમાન લાવનારાઓ! ખુદાનો તકવા ઈખ્તેયાર કરો અને એવી રીતે ઈખ્તેયાર કરો જેવો હક છે અને તમારૂં મૃત્યુ ન આવે સિવાય કે તમે મુસલમાન હો."*

(સુરએ આલે ઈમરાન, આયત નં. ૧૦૨)

وَوَصّٰى بِهَآ اِبْرٰهٖمُ بَنِيْهِ وَيَعْقُوْبُ ۭ يٰبَنِىَّ اِنَّ اللّٰهَ

اصْطَفٰى لَكُمُ الدِّيْنَ فَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿١٣٢﴾ۭ

*"જનાબે ઈબ્રાહીમ (અ.સ.) અને જનાબે યઅકુબ (અ.સ.) એ તેમના ફરઝંદોને વસીય્યત કરી. અય મારા*

*ફરઝંદ! ચોક્કસ ખુદાએ તમારા દીન (ઈસ્લામ)ને ચૂંટી કાઢયો છે પછી તમને મૃત્યુ ન આવે પરંતુ એ કે તમે મુસલમાન હો.''*

(સુરએ બકરહ, આયત નં. ૧૩૨)

અલ્લાહ તઆલાનો હુકમ અને જનાબે ઈબ્રાહીમ (અ.સ.) તથા જનાબે યઅકુબ (અ.સ.)ની વસીય્યતથી આ વાત તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે મૃત્યુ સમયે મુસલમાન રહેવું અત્યંત જરૂરી છે.

ઈન્સાનનો અંત ખૈર ઉપર થાય અને મુસલમાન મરવા માટે તકવા ઈખ્તેયાર કરવો લાઝીમ અને જરૂરી છે. એ અલ્લાહનો તકવા જ છે કે જે ઈન્સાનને તેના અંતિમ શ્વાસ સુધી દીનથી ફરી જવાથી સુરક્ષિત રાખે છે. અલ્લાહના તકવાની લાઝીમ અને જરૂરી શર્ત હઝરત અલી (અ.સ.)ની મોહબ્બત અને વિલાયત છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નું ફરમાન છેઃ

*'અય અલી! તમારી મોહબ્બત ઈમાન અને તકવા છે.'*

દીન ઉપર સાબિત કદમ રહેવા માટે તકવા જરૂરી છે અને તકવા માટે હઝરત અલી (અ.સ.)ની મોહબ્બત અને વિલાયત જરૂરી છે. એટલા માટે જ નમાઝના કુનુતમાં આ દોઆ પઢવાની તાકીદ કરવામાં આવી છે.

اَللّٰهُمَّ اجْعَلْ عَوَاقِبَ اُمُوْرِنَا خَيْرًا

*'અય અલ્લાહ અમારા કાર્યોનો અંત ખય્ર ઉપર કરાર દે.'*

## દીનની હિફાઝતનું મહત્ત્વઃ

જે બાબતની કદર અને મૂલ્યથી ઈન્સાન સારી રીતે માહિતગાર હોય છે તે તેની હિફાઝત પણ એટલીજ કરે છે અને તેને બરબાદ થવા દેતો નથી. આ ઝમાનામાં લોકો અમૂક પૈસાઓ માટે, હોદ્દા અને સ્થાન માટે, સંપિત્ત અને નામના માટે દીનનો ખ્યાલ રાખતા નથી. જૂઠ, ખોટી ગવાહી, ગીબત, તોહમત વિગેરે જેવા બધાજ રસ્તાઓનો ઉપયોગ કરી લે છે. લોકો અમૂક રિત-રીવાજો અંજામ આપવાને દીન સમજે છે. અગર લોકોના મગજમાં દીનની સાચી અને વાસ્તવિક તસ્વીર મૌજુદ હોત તો આ રીતે દુનિયા માટે દીનને વેચતે નહીં.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ફરમાવે છેઃ

إِذَا حَضَرَتْ بَلِيَّةٌ فَاجْعَلُوا أَمْوَالَكُمْ دُونَ أَنْفُسِكُمْ وَ إِذَا
نَزَلَتْ نَازِلَةٌ فَاجْعَلُوا أَنْفُسَكُمْ دُونَ دِينِكُمْ وَاعْلَمُوا أَنَّ
الْهَالِكَ مَنْ هَلَكَ دِينُهُ وَ الْحَرِيبَ مَنْ حُرِبَ دِينُهُ

*‘જ્યારે તમારા ઉપર કોઈ બલા નાઝીલ થાય તો તમારો માલ આપી દો, તમારી જાન ન આપો અને અગર તેનાથી વધારે મુસીબત તમારા ઉપર નાઝીલ થાય તો તમારી જાન કુરબાન કરજો, તમારો દીન નહિં. જાણી લ્યો કે હલાક તે છે કે જેનો દીન બરબાદ થઈ જાય. વંચિત તે છે કે જેનો દીન લૂંટાઈ જાય.’*

(કાફી, ભાગ-૨, પાના નં. ૩૧૬, મિઝાનુલ હીકમત, હ. નં. ૬૨૪૪)

આ રિવાયતોથી એ એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે એહલેબૈત (અ.મુ.સ.)ની નજરોમાં દીનની કિંમત જાનથી વધારે છે, માલથી વધારે જાન કિંમતી છે અને જાનથી વધારે દીન કિંમતી છે. આથી દીનની હિફાઝત જાનથી વધારે કરવી જોઈએ. જે રીતે આપણે આપણી શારીરિક તંદુરસ્તીનું ધ્યાન રાખીએ છીએ તેનાથી ઘણું વધારે ધ્યાન આપણે આપણા દીનનું રાખવું જોઈએ. જ્યારે દીન આટલો કિંમતી છે તો તેના માટે પણ જરૂર આફતો અને પરેશાની હશે.

આગળના પ્રકરણોમાં આપણે એ બાબતોને ટૂંકમાં જોશું કે આ ગયબતના ઝમાનામાં દીનની હાલત શું હશે. શું આ ગયબતના ઝમાનામાં દીનની હિફાઝત કરવી તે આસાન કામ છે?

# ગયબતના ઝમાનામાં દીનની હાલત

## દીનનો દુશ્મન શયતાનઃ

કોઈપણ વસ્તુની હિફાઝત કરવા માટે તેના માટે આવનારા ખતરાઓ, તેના દુશ્મનો અને તેની સાઝીશો, પ્રપંચો અને કાવતરાઓ જાણવા જરૂરી છે. નહિંતર દરેક દ્રષ્ટિએ અને દરેક તરફથી સંપૂર્ણ હિફાઝત થઈ શકશે નહિ. અગાઉ આપણે એ જોયું કે દીન કેટલી હદે મૂલ્યવાન પૂંજી છે. ચાલાક દુશ્મન મોટી અને કિંમતી પૂંજી ઉપર હુમલો કરે છે અને તેને લૂંટવાની કોશિશ કરે છે. શયતાન ઈન્સાનનો સૌથી મોટો દુશ્મન છે અને દીન ઈન્સાનની સૌથી મોટી પૂંજી છે. આથી શયતાનનો હુમલો દીન ઉપર હશે. ખુદ શયતાને ખુલ્લમખુલ્લા આ વાત બયાન કરી છે કે હું ચોક્કસ દીન ઉપર હુમલો કરીશ અને દરેકને ગુમરાહ કરીશ એટલે કે દરેક લોકો પાસેથી તેઓનો દીન છીનવી લઈશ.

قَالَ فَبِمَآ اَغۡوَيۡتَنِىۡ لَاَقۡعُدَنَّ لَهُمۡ صِرَاطَكَ الۡمُسۡتَقِيۡمَ ۙ‏ ﴿۱۶﴾ ثُمَّ
لَاٰتِيَنَّهُمۡ مِّنۡۢ بَيۡنِ اَيۡدِيۡهِمۡ وَمِنۡ خَلۡفِهِمۡ وَعَنۡ اَيۡمَانِهِمۡ وَعَنۡ
شَمَآئِلِهِمۡ ؕ وَلَا تَجِدُ اَكۡثَرَهُمۡ شٰكِرِيۡنَ‏ ﴿۱۷﴾

*"તેણે કહ્યું કે તે મને ભુલાવામાં નાખ્યો છે માટે હું પણ તારા સેરાતે મુસ્તકીમ ઉપર ચોક્કસ તેમને (ગુમરાહ કરવા) માટે અડગ થઈને બેસી જઈશ. પછી હું તેઓની સામેથી, પીઠ પાછળથી, ડાબી બાજુથી અને જમણી બાજુએથી*

*તેમને (ગુમરાહ કરવા માટે) તેઓની પાસે આવીશ. પછી તું તેઓમાંથી ઘણા ખરાઓને શુક્રગુઝાર નહિ પામીશ.''*

(સુરએ અઅરાફ, આયત નં. ૧૬-૧૭)

وَيُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّضِلَّهُمْ ضَلٰلًاۢ بَعِيْدًا ۝٦٠

*''અને શયતાન એ ચાહે છે કે તે તેઓને ખરાબ રીતે ગુમરાહ કરી દે.''*

(સુરએ નિસા, આયત નં. ૬૦)

આ રીતે શયતાને સ્પષ્ટ રીતે એલાન કરી દીધું છે કે તે દરેક ઉપર હુમલો કરશે અને ચારે તરફથી હુમલો કરશે અને દરેકને ગુમરાહ કરશે. તેણે ગુમરાહ કરવાના અમૂક રસ્તાઓ આ રીતે બયાન કરી દીધા છે.

## અમલનો શણગારઃ

શયતાનના ગુમરાહ કરવાનો એક તરીકો એ છે કે તે ઈન્સાન સમક્ષ તેના બુરા અને ખરાબ અમલને ખુબજ સજાવી અને શણગારીને ઈન્સાનની સામે એવી રીતે રજુ કરે છે કે તે પોતાના ગુનાહોથી રાજી થઈ જાય અને નેકીઓથી નારાજ. બુરાઈઓને સારી સમજવા લાગશે અને તેના ઉપર જ અમલ કરશે. જ્યારે તે બુરાઈઓને હંમેશા સારી સમજશે તો તેના પરિણામે તેના જાગૃત થવાની, તૌબા કરવાની અને પલટવાની શકયતાઓ ખતમ થઈ જાય છે અને તેજ ફરેબમાં આ દુનિયાથી રૂખ્સત થઈ જશે.

وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ

عَنِ السَّبِيْلِ فَهُمْ لَا يَهْتَدُوْنَ ۝٢٤

*“અને શયતાને તેઓના આમાલને સજાવી, શણગારીને તેઓની સમક્ષ રજુ કર્યા અને તેઓને તે રસ્તાથી રોકયા કે જેના આધારે તેઓ હિદાયત મેળવી ન શકે.”*

(સુરએ નમ્લ, આયત નં. ૨૪)

وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ

عَنِ السَّبِيْلِ وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ ﴿٣٨﴾

*“અને શયતાને તેઓના આમાલને સજાવી, શણગારીને તેઓ સમક્ષ રજુ કર્યા અને તેઓને રસ્તાથી રોકી દીધા. જ્યારે કે તે અગાઉ તે લોકો સુજ ધરાવતા હતા.”*

(સુરએ અન્કબુત, આયત નં. ૩૮)

એટલે કે શયતાને એવી રીતે ખરાબ કાર્યોને શણગારીને રજુ કર્યા કે અમૂક લોકો હિદાયત પ્રાપ્ત ન કરી શકે અને અમૂક લોકો કે જેઓ હિદાયતના રસ્તા ઉપર આવી ચૂકયા હતા, તેઓને પણ તેણે તે રસ્તાથી ફેરવી નાખ્યા. આનાથી અંદાજો લગાવી શકાય છે કે શયતાનનું એક કામ્યાબ હથિયાર અને જાળ ઈન્સાનના ખરાબ આમાલ અને અખ્લાકને સારા બનાવીને રજુ કરવા છે.

હઝરત ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

اٰفَةُ الدِّيْنِ: اَلْحَسَدُ، وَالْعُجْبُ، وَ الْفَخْرُ

*‘દીનની આફત ત્રણ બાબતો છેઃ હસદ, ખુદપસંદી અને ફખ્ર.’*

(કાફી, ભાગ-૨, પાના નં. ૩૦૭, હ. નં. ૫)

اٰفَةُ الدِّيۡنِ سُوۡءُ الظَّنِّ

***‘બદગુમાની કરવી દીન માટે આફત છે.’***

(ગોરરૂલ હેકમ, હ. નં. ૩૯૨૪, મિઝાનુલ હિકમત, હ. નં. ૬૨૩૮)

فَسَادُ الدِّيۡنِ الطَّمَعُ

***‘લાલચથી દીન બરબાદ થઈ જાય છે.’***

(ગોરરૂલ હેકમ, હ. નં. ૬૫૫૧, મિઝાનુલ હિકમત, હ. નં. ૬૨૪૦)

હસદ, ખુદપસંદી, ફખ્ર, મોટાપણાનો એહસાસ, બદગુમાની અને લાલચ એ દીન માટે આફતો છે. બદકિસ્મતીથી ઉપરોકત તમામ બાબતો આજકાલ એકદમ સામાન્ય છે. આપણે કોઈને કોઈ પ્રકારે આ આફતોમાં સપડાએલા છીએ. હસદ દીન અને ઈમાનને બરબાદ કરી નાખે છે. કોઈને મળેલી નેઅમતોને ન જોઈ શકવું તે હસદ છે. હસદ કયારેક એટલી હદે પહોંચી જાય છે કે ઈન્સાન ખુદાની અદાલત ઉપર એઅતેરાઝ કરવા લાગે છે. ખુદપસંદી અને ફખ્રના આધારે ઈન્સાન પોતાના બુરા આમાલને પણ સારા સમજવા લાગે છે. આ ખુદપસંદીનો એહસાસ ઈન્સાનને તેની સુધારણાથી રોકી દે છે. શયતાન તેના ખરાબ આમાલને સારા બનાવીને એવી રીતે રજુ કરે છે કે તેને સાચા રસ્તાથી ફેરવી નાંખે છે. આવી પરિસ્થિતિમાં વાસ્તવિક નજરથી પોતાના આમાલ અને અખ્લાકને તપાસવા અને તેની સુધારણા કરવી તે આસાન કામ નથી. તે ખુદ પોતાની સાથે અને પોતાના નફસ સાથે જંગ કરવી છે અને આજ જેહાદે અકબર છે. રિવાયતમાં છે કે એક એવો ઝમાનો આવશે કેઃ

يَاتِيۡ عَلَى النَّاسِ زَمَانٌ الصَّابِرُ مِنۡهُمۡ

عَلٰى دِيۡنِهٖ كَالۡقَابِضِ عَلَى الۡجَمۡرِ

*'લોકો માટે એવો ઝમાનો આવનાર છે કે જે ઝમાનામાં દીન ઉપર સબ્ર કરવો જાણે કે મુઠ્ઠીમાં સળગતો અંગારો રાખવો.'*

(ઈલ્ઝામુન નાસીબ, પાના નં. ૧૮૧)

આપણાથી આગનો સામાન્ય તણખો પણ બરદાશ્ત થઈ શકતો નથી. જ્યારે કે આ તો મુઠ્ઠીમાં સળગતો અંગારો રાખવાની વાત છે અને તે પણ મુઠ્ઠી બંધ કરી દઈને.

لَيَاۡتِيَنَّ عَلَى النَّاسِ زَمَانٌ لَا يَسۡلَمُ لِذِى دِيۡنٍ دِيۡنُهٗ

اِلَّا مَنۡ يَفِرُّ مِنۡ شَاهِقٍ اِلٰى شَاهِقٍ وَمِنۡ جُحۡرٍ

اِلٰى جُحۡرٍ كَالثَّعۡلَبِ بِاَشۡبَالِهٖ

*'લોકો માટે એક એવો ઝમાનો આવનાર છે કે દીનદાર લોકોનો દીન સલામત હશે પરંતુ એ પરિસ્થિતિમાં કે એક ટેકરીએથી બીજી ટેકરીએ પનાહ લેશે, એક પનાહગાહથી બીજી પનાહગાહ તરફ ભાગશે. જેવી રીતે લોમડી પોતાના બાળકો સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ પનાહ લે છે.'*

فَاِذَا كَانَ ذٰلِكَ لَمْ تُنَلِ الْمَعِيْشَةُ اِلَّا بِسَخَطِ اللهِ،

فَاِذَا كَانَ ذٰلِكَ كَانَ هَلَاكُ رَجُلٍ عَلٰى يَدَىْ زَوْجَتِهٖ وَوَلَدِهٖ،

فَاِذَا لَمْ يَكُنْ لَهٗ زَوْجَتُهٗ وَلَاوَلَدٌ كَانَ هَلَاكُهٗ عَلٰى يَدَىْ اَبَوَيْهِ،

فَاِنْ لَمْ يَكُنْ لَهٗ اَبَوَانِ كَانَ هَلَاكُهٗ عَلٰى يَدَىْ قَرَابَاتِهٖ

وَالْجِيْرَانِ يُعَيِّرُوْنَهٗ بِضِيْقِ الْعَيْشِ فَيُوْرِدُ نَفْسَهُ

الْمَوَارِدَالَّتِي تَهْلِكُ فِيْهَا نَفْسَهٗ

*'અને જ્યારે આ પ્રકારનો ઝમાનો આવશે રીઝક પ્રાપ્ત નહિં થાય સિવાય કે અલ્લાહને નારાઝ કરીને અને જ્યારે આ પ્રકારનો ઝમાનો આવશે ત્યારે ઈન્સાન પોતાની પત્નિ અને પોતાની અવલાદના હાથે હલાક થશે અને અગર તેની પત્નિ અને અવલાદ નહિં હોય તો તે પોતાના વાલેદૈનના હાથે હલાક થશે અને અગર તેના વાલેદૈન પણ નહિં હોય તો તે પોતાના સગાવ્હાલાઓ અને પાડોશીઓના હાથે હલાક થશે.*

*તે સમયે લોકો તેનું રિઝક ઓછું હોવાના લીધે તેની મજાક ઉડાવશે જેના આધારે તે પોતાને તેવા કામોમાં લગાવી દેશે કે જ્યાં તે હલાક થશે.'*

(યવ્મુલ ખલાસ, પાના નં. ૪૮૫)

જે બાબતો આ રિવાયતમાં બયાન કરવામાં આવી છે શું આપણે આપણી આંખોથી આ બધી બાબતો નથી જોઈ રહ્યા? આ

પરિસ્થિતિમાં દરેકને નારાજ કરીને પોતાનો દીન અને ઈમાન બચાવવું આસાન કામ છે? ખરેખર હથેળી ઉપર અંગારો રાખવો છે. આ રિવાયતથી એ અંદાજો લગાવી શકાય છે કે આ ઝમાનામાં ઈન્સાનને પોતાના દીનના બારામાં બીજાઓથી નહિં પરંતુ પોતાના નજીકના લોકોથી જ ખતરો છે. ચારે તરફથી દબાણ છે કે વધારેને વધારે પૈસા કમાવો, ભલે પછી તે હરામ રસ્તાથી કેમ ન હોય.

**મસ્જીદોની હાલતઃ**

مَسَاجِدُهُمْ عَامِرَةٌ وَهِيَ خَرَابٌ مِنَ الْهُدٰى

*'તે સમયે મસ્જીદો આબાદ હશે પરંતુ દીલો ઈમાનથી ખાલી હશે.'*

(ઈલ્ઝામુન નાસીબ પાના નં. ૧૮૧, યવ્મુલ ખલાસ પાના નં. ૪૮૫)

**હજ અને ઝિયારતઃ**

تَحُجُّ اَغْنِيَاءُ اُمَّتِي لِلنُّزْهَةِ۔ وَتَحُجُّ اَوْسَاطُهَا لِلتِّجَارَةِ۔
وَتَحُجُّ فُقَرَاؤُهُمْ لِلرِّيَاءِ وَالسُّمْعَةِ

*'તે સમયે મારી ઉમ્મતના સંપત્તિવાન લોકો હરવા-ફરવા માટે હજ કરશે, મધ્યમ વર્ગના લોકો ધંધો કરવા માટે હજ કરશે અને ફકીરો રિયાકારી અને શોહરત માટે હજ કરશે.'*

(યવ્મુલ ખલાસ પાના નં. ૪૮૫, ઈલ્ઝામુન નાસીબ પાના નં. ૧૯૫)

આજનાં સમયે આ હદીસો એકદમ સાચી ઠરી રહી છે. કુરઆને તેની મહત્ત્વતા ગુમાવી દીધી છે. હવે ઘરોમાં કુરઆને કરીમની તિલાવતની જગ્યા ટી.વી. પ્રોગ્રામો અને ઈન્ટરનેટએ લઈ લીધી છે. મસ્જીદોમાં શ્રેષ્ઠ કિરઅતથી અઝાનો થઈ રહી છે અને મસ્જીદો સજાવવામાં આવી રહી છે. તેમાં એ.સી. લગાવવામાં આવી રહ્યા છે અને અલગ અલગ પ્રકારના દસ્તરખ્વાન બીછાવવામાં આવી રહ્યા છે. સંખ્યાના આધારે મસ્જીદો ભરપૂર છે પરંતુ નમાઝીઓના દિલ ઈમાનથી ખાલી છે. દિલમાં દુનિયાએ એટલી હદે જગ્યાએ બનાવી લીધી છે કે હવે ત્યાં ઈમાન માટે જગ્યા કયાં? હજ અને ઝિયારત એક ધંધો બની ગયો છે. હજ અને ઝિયારતથી પલ્ટીને ઈસ્તીગ્ફાર, ઈમાન અને યકીનની દૌલત લાવવાને બદલે વિવિધ પ્રકારનો સામાન લઈને આવે છે અને પોતાની હોંશિયારીના કિસ્સાઓ લાવવામાં આવે છે. આ મુકદ્દસ સફરમાં લોકોને ખુદા, તેના રસુલ (સ.અ.વ.) અને અઈમ્મા (અ.મુ.સ.)ની મુલાકાત, ઝિયારત અને હજની કબુલીય્યતથી વધારે ઈન્સાનને પોતાના આરામની ફીકર હોય છે. ટૂર ઓર્ગેનાઈઝર સારામાં સારી હોટલો અને વધારેમાં વધારે સગવડતાઓ આપવાનું એલાન કરીને લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે અને પોતાની ટૂરમાં સંખ્યાનો વધારો કરે છે. આ સફરમાં શોપીંગ કરવાની ચિંતા વધારે જોવા મળે છે અને ઈમાનની હિફાઝત અને તેમાં વધારો કરવાની ફીકર ખુબજ ઓછી જોવા મળે છે. જેમના રોઝા મુબારક ઉપર ગયા હોય તેમની વિચારધારા અને રવિશને અપનાવવાનો ખ્યાલ બહુ ઓછો જોવા મળે છે. આ પ્રકારની હજ અને ઝિયારતમાં શારીરિક હાજરી રૂહાની કુરબતથી વધારે હોય છે. હજ અને ઝિયારતનો એક ફલસફો એ પણ છે કે ઈન્સાન ત્યાં જઈને પોતાના દીન અને ઈમાનની હિફાઝતની દોઆ માંગે. દીન માટે જે કુરબાનીઓ આપવામાં આવી છે તેનાથી સબક

હાંસિલ કરે અને કુરબાનીના જઝબાને મેળવીને વતન પરત આવે અને દીનની ખિદમત કરે.

## શક અને શંકાઓઃ

ગયબતના ઝમાનામાં દીનની હિફાઝતની સામે એક મોટો અને મહત્ત્વનો ખતરો શક અને શંકાઓ છે. આ સમયે ચારેતરફથી અકીદાઓ ઉપર અને તેમાં પણ ખાસ કરીને ઈમામત અને વિલાયતના અકીદા ઉપર ચારેબાજુથી હુમલાઓ થઈ રહ્યા છે. પરાયા લોકો પણ હુમલાઓ કરી રહ્યા છે અને આપણા પોતાના પણ તેનું મહત્ત્વ અલગ અલગ અંદાઝથી ઓછું કરી રહ્યા છે અને ઘટાડી રહ્યા છે. આ સમયે નવી પેઢી દીનની બાબતમાં હેરાન અને પરેશાન છે, તેઓના દિમાગો મુંજવણમાં પડી ગયા છે અને સમજમાં કંઈજ નથી આવી રહ્યું. કયારેક અઝાદારી ઉપર હુમલાઓ થઈ રહ્યા છે તો કયારેક જનાબે ઝહરા (સ.અ.) ઉપર થયેલા ઝુલ્મો અને મસાએબને ઘટાડીને અથવા તો તે બાબતે શંકાઓ પૈદા કરવાની કોશિશો થઈ રહી છે. તો કયારેક ગયબત અને ઈન્તેઝારના મતાલીબનું ખોટું અર્થઘટન કરવામાં આવે છે. મઅસુમીન (અ.મુ.સ.)ના કૌલ કરતા ગૈર મઅસુમના બયાનને વધારે મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. જે રિવાયતો પોતાના વિચારને અનુસાર નથી તેને કોઈપણ પ્રકારની શોધખોળ કે ચકાસણી કર્યા વગર ઝઈફ કરાર દેવામાં આવી રહી છે. ઈત્તેહાદ (એકતા) ખાતર એહલેબૈત (અ.મુ.સ.) ઉપર થયેલા મસાએબના બયાનને ઘટાડવામાં આવી રહ્યા છે. નાચીઝ કણોનો ઝિક્ર એહલેબૈત (અ.મુ.સ.)ના ફઝાએલ અને કમાલાતના ચમકતા સૂરજના મુકાબલામાં કરવામાં આવી રહ્યો

છે. આ બધી બાબતો એ વાસ્તવમાં નવી પેઢીને હેરાન કરી મૂકી છે અને દીન પ્રત્યે નિરસ કરી દીધા છે.

લોકો દીનની પાબંદીઓથી આઝાદ થઈ જશે, દરેક પોતાની મન-માની કરશે. આજકાલ આજે આ બધું થઈ રહ્યું છે કે, દીનની બાબત દરેકનું પોતાનું અલગ મંતવ્ય અને પોતાની વિચારધારા છે.

**સખત ઈમ્તેહાનઃ**

આવી પરિસ્થિતિમાં હક મઝહબ, એહલેબૈત (અ.મુ.સ.)ના દીન ઉપર બાકી રહેવું તે આસાન કામ નથી. હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ હજાર વર્ષ પહેલા જ બયાન ફરમાવી દીધું હતું કે એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયતને કબુલ કરવી આસાન કામ નથી.

إِنَّ حَدِيثَكُمْ هٰذَا لَتَشْمَئِزُّ مِنْهُ قُلُوبُ الرِّجَالِ فَمَنْ أَقَرَّ بِهِ فَزِيدُوهُ وَمَنْ أَنْكَرَهُ فَذَرُوهُ إِنَّهُ لَا بُدَّ مِنْ أَنْ يَكُونَ فِتْنَةٌ يَسْقُطُ فِيهَا - كُلُّ بِطَانَةٍ وَ وَلِيجَةٍ حَتّٰى يَسْقُطَ فِيهَا مَنْ يَشُقُّ الشَّعْرَ بِشَعْرَتَيْنِ حَتّٰى لَا يَبْقٰى إِلَّا نَحْنُ وَ شِيعَتُنَا

*'આ તમારી વિલાયત અને ઈમામતની વાતો તે છે કે જેનાથી અમૂક લોકોના દિલો કરાહત અનુભવે છે. (દીલ સ્વિકાર કરવા તૈયાર થતું નથી) જુઓ! જે લોકો વિલાયત અને ઈમામતને કબુલ કરે તેના માટે વધારે વાતો બયાન કરો અને જે તેનો ઈન્કાર કરે તેઓને છોડી દયો (જબરદસ્તી તેઓ પાસે સ્વિકાર કરાવવાની કોશિશ ન કરો). જુઓ ઝરૂર બિલ ઝરૂર આ પ્રકારના ફીત્નાઓ અને ઈમ્તેહાનના*

*દિવસો આવનાર છે. જેમાં સૌથી નિકટના અને અત્યંત ભરોસાપાત્ર લોકો અલગ થઈ જશે. ત્યાં સુધી કે તે લોકો પણ પડી જશે કે જેઓ અત્યંત બારીક દ્રષ્ટિ ધરાવે છે અને એક વાળનું બે વાળમાં વર્ગીકરણ કરે છે (બાલની ખાલ કાઢે છે) તે ઝમાનામાં ફકત અમે અને અમારા શીઆઓ આ દીન ઉપર સાબિત કદમ રહેશું.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૩૭૦, હદીસ નં. ૫)

આ રિવાયતનો એક એક શબ્દ આજના સમયના હાલાતને બયાન કરે છે. કેવા કેવા લોકો કેવા કેવા પ્રકારની વાતો કરી રહ્યા છે. મજાની વાત તો એ છે કે તે લોકો આ ગુમરાહીને દીને હક સમજી રહ્યા છે. હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ આ ગયબતના ઝમાનાના ઈમ્તેહાન અને સખત આઝમાઈશોને કંઈક આ રીતે બયાન ફરમાવી છે.

وَ اللّٰهِ لَتُكْسَرُنَّ تَكَسُّرَ الزُّجَاجِ وَ إِنَّ الزُّجَاجَ لَيُعَادُ فَيَعُوْدُ

وَ اللّٰهِ لَتُكْسَرُنَّ تَكَسُّرَ الفَخَّارِ فَإِنَّ الْفَخَّارَ لَيَتَكَسَّرُ فَلَا يَعُوْدُ

وَاللّٰهِ لَتُغَرْبَلُنَّ

وَاللّٰهِ لَتُمَيَّزُنَّ

وَاللّٰهِ لَتُمَحَّصُنَّ

حَتّٰى لَا يَبْقٰى مِنْكُمْ اِلَّا الْاَقَلُّ وَ صَعَّرَ كَفَّهٗ

*‘ખુદાની કસમ! તમે એવી રીતે તુટી જશો જેવી રીતે કાચ, પરંતુ ફરીથી તેને બનાવી દેવામાં આવે તો ફરીથી કાચ બની જાય છે. ખુદાની કસમ! તમે એવી રીતે તુટી જશો જેવી રીતે માટીનું વાસણ. એકવાર તે વાસણ તુટી ગયું તો પછી ફરીથી નથી બની શકતું.’*

*ખુદાની કસમ! તમને ચાળવામાં આવશે.*

*ખુદાની કસમ! તમને જુદા કરવામાં આવશે.*

*ખુદાની કસમ! દરેક ઐબ અને ખામીથી તમને પાક કરવામાં આવશે. ત્યાં સુધી કે ફકત અમૂક લોકો બાકી રહેશે.’*

(ગયબતે નોઅમાની, પાના નં. ૨૦૭, હદીસ નં. ૧૩)

શાયદ કાચનું ઉદાહરણ એ બાબત તરફ ઈશારો કરી રહ્યું છે કે અમૂક લોકો એવા હશે કે જેઓ શક અને શંકાઓમાં મુબ્તેલા થઈને અલગ થઈ જશે. પરંતુ પછી પરત આવી જશે અને માટીના વાસણનું ઉદાહરણ શાયદ એ બાબત તરફ ઈશારો કરી રહ્યું છે કે અમૂક લોકો કંઈક એવી રીતે દૂર થઈ જશે કે પછી પાછા ફરવાની શકયતા નહીં હોય.

ઘઉંને પહેલા ચાળવામાં આવે છે, પછી તેમાંથી સારા દાણાઓને અલગ કરવામાં આવે છે. પછી ખામી વગરના દાણાઓને હિફાઝતથી રાખવામાં આવે છે. આ કાર્ય કર્યા પછી ઘણા ઓછા ઘઉં બાકી રહી જાય છે.

આ ગયબતના ઝમાનાની પરિસ્થિતિ પણ આવી જ છે. ખરેખર દિલના ઉંડાણથી, સાચા દિલથી અને ખુલુસે નિય્યતથી દોઆ કરીએ કે આ સખત ઈમ્તેહાન અને આઝમાઈશના ઝમાનામાં બાકી

રહી જનારાઓમાં આપણો બધાનો શુમાર થાય. તે લોકોમાં હરગિઝ શુમાર ન થાય કે જેઓની છાંટણી કરીને અલગ કરી દેવામાં આવ્યા હોય.

દોઆએ ગયબતમાં જોવા મળે છે કે

وَ لَا تَسْتَبْدِلْ بِنَا غَيْرَنَا فَاِنَّ اسْتِبْدَالَكَ

بِنَا غَيْرَنَا عَلَيْكَ يَسِيْرٌ وَ هُوَ عَلَيْنَا كَثِيْرٌ

***'ખુદાયા! અમારી જગ્યા બીજા કોઈને આપી ન દેતો. ખુદાયા! તારા માટે બદલી કરી દેવું, કોઈ બીજાને અમારી જગ્યા આપી દેવી ખૂબજ આસાન વાત છે પરંતુ તે અમારા માટે ખૂબજ કઠીન બાબત છે.'***

(દોઆએ બરાએ ઈમામે ઝમાના અ.સ.)

આવો હવે આપણે જોઈએ કે આ સખત ઈમ્તેહાન અને આઝમાઈશના ઝમાનામાં દીનની હિફાઝત કરવાના રસ્તાઓ કયા કયા છે?

# ગયબતના ઝમાનામાં દીનની હિફાઝત

દીનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને આ ગયબતના ઝમાનાના ખતરાઓ અને આફતોને નજર સમક્ષ રાખીને પોતાના દીન અને ઈમાનની હિફાઝત કરવી આપણી અત્યંત મહત્ત્વની જવાબદારી છે. આ હિફાઝતમાં બેદરકારી રાખવી કયામતમાં મોટા નુકશાનનું કારણ બની શકે છે. પરંતુ આ પરિસ્થિતિમાં દીનની હિફાઝત કરવી તે કંઈ આસાન કામ નથી. સૌથી કઠીન અને મુશ્કેલીભર્યુ કામ હોવા છતાં આપણે તેને અંજામ આપવાનું છે અને સૌથી શ્રેષ્ઠ તરીકાથી અંજામ આપવાનું છે. આપણા દીન અને ઈમાનને બચાવીને રાખવાનું છે. કારણકે તેમાં બેદરકારી કરવી આખેરતમાં નાકામ્યાબીનું કારણ બની શકે છે અને આખેરતની નાકામ્યાબીથી વધીને મોટું બીજું કોઈ નુકશાન નથી અને આખેરતની ખુશબખ્તી અને કામ્યાબીથી વધીને મોટી બીજી કોઈ કામ્યાબી નથી.

## ખુદાવંદે આલમની ઈનાયતોઃ

જ્યારે ખુદાવંદે આલમે દીન નાઝીલ ફરમાવ્યો અને તેના ઉપર સાબીત કદમ રેહવાનો હુકમ આપ્યો અને તેને એ પણ સારી રીતે ખબર હતું કે દીન ઉપર સાબિત કદમ રહેવું તે કંઈ આસાન બાબત નથી. બલ્કે તેમાં ખતરાઓ, આફતો અને મુશ્કેલીઓ છે. ખુદાવંદે આલમે આ પરિસ્થિતિમાં પોતાના ફઝલ અને કરમથી પોતાની રેહમત અને ઈનાયતથી દીન અને ઈમાનની હિફાઝતની વ્યવસ્થા કરી છે. પરવરદિગારના ફઝલ અને કરમથી એ વાત દૂર છે કે ખતરાઓ હોય અને તેનાથી બચવાનો કોઈ ઉપાય ન હોય, તોફાન હોય પરંતુ નજાત આપનારી કશ્તી ન હોય. ખુદાવંદે આલમે દીન અને ઈમાનની હિફાઝતની સૌથી સારી વ્યવસ્થા કરી છે. વ્યવસ્થા

અલગ મસઅલો છે અને તેને ઈખ્તેયાર કરવો તે એક અલગ મસઅલો છે. ફકત કાનૂનથી અમ્ન અને અમાન કાયમ થતું નથી બલ્કે કાનૂન ઉપર અમલ કરવાથી અમ્ન અને અમાન કાયમ થાય છે.

## અમલમાં ખુલુસતાઃ

શયતાન ચોક્કસ ઈન્સાનનો ખુલ્લમ ખુલ્લો દુશ્મન છે. તે દરેક રીતે, દરેક પ્રકારે અને અલગ અલગ પાસાથી ઈન્સાનને ગુમરાહ કરવાની કોશિશ કરતો રહે છે અને પુરેપુરી કોશિશ કરતો રહે છે અને પોતાની સંપૂર્ણ તાકત લગાવી દે છે. પરંતુ અમૂક લોકો એવા છે કે જેના બારામાં શયતાને અગાઉથી જ પોતાની હાર સ્વિકારી લીધી છે.

قَالَ رَبِّ بِمَآ اَغْوَيْتَنِيْ لَاُزَيِّنَنَّ لَهُمْ فِي الْاَرْضِ وَلَاُغْوِيَنَّهُمْ

اَجْمَعِيْنَ ﴿٣٩﴾ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ ﴿٤٠﴾ قَالَ هٰذَا صِرَاطٌ

عَلَيَّ مُسْتَقِيْمٌ ﴿٤١﴾ اِنَّ عِبَادِيْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ اِلَّا مَنِ

اتَّبَعَكَ مِنَ الْغٰوِيْنَ ﴿٤٢﴾ وَاِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ اَجْمَعِيْنَ ﴿٤٣﴾

*“શયતાને કહ્યું તેં મને ભુલાવામાં નાખ્યો છે તેમ હું પણ તેઓ માટે ઝમીન ઉપર ચીજો સજાવી શણગારીને રજુ કરીશ અને જરૂર અને જરૂર દરેકને ગુમરાહ કરીશ. પરંતુ તારા તે બંદાઓ કે જેઓ મુખ્લીસ (નિખાલસ) છે (તેઓ ઉપર મારૂ વર્ચસ્વ નથી) અલ્લાહ તઆલાએ કહ્યું આજ*

*મારો સીધો રસ્તો છે. ચોક્કસ મારા બંદાઓ ઉપર તારો કોઈ કાબુ નથી પરંતુ એ ગુમરાહ લોકો કે જેઓ તારૂં અનુસરણ કરે અને ચોક્કસ તેઓના વાયદાની જગ્યા જહન્નમ છે.''*

(સુરએ હિજ્ર, આયત ૩૯-૪૩)

એક બીજી આયતમાં આ પ્રમાણે ઈરશાદ થાય છેઃ

قَالَ فَبِعِزَّتِكَ لَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٨٢﴾

اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ ﴿٨٣﴾

*''શયતાને કહ્યું ખુદાયા! તારી ઈઝઝતની કસમ હું દરેક લોકોને ગુમરાહ કરીશ સિવાય કે તારા મુખ્લસ* (નિખાલસ) *બંદાઓ.''*

(સુરએ સાદ, આયત ૮૨-૮૩)

اِنَّهٗ لَيْسَ لَهٗ سُلْطٰنٌ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٩٩﴾

اِنَّمَا سُلْطٰنُهٗ عَلَى الَّذِيْنَ يَتَوَلَّوْنَهٗ وَالَّذِيْنَ هُمْ بِهٖ مُشْرِكُوْنَ ﴿١٠٠﴾

*''તે લોકો ઉપર શયતાનનો કોઈ કાબુ નથી કે જેઓ ઈમાન ધરાવનારાઓ છે અને પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કરે છે. તેનો કાબુ ફકત તે લોકો ઉપરજ રહે છે કે જેઓ તેની સરપરસ્તીને કબુલ કરે છે અને જેઓ બીજાઓને તે (અલ્લાહ)ના શરીક બનાવે છે.''*

(સુરએ નહલ, આયત નં. ૯૯-૧૦૦)

ઉપરોકત આયતોથી એ વાત સ્પષ્ટ છે કે શયતાન તેજ લોકોના દીન અને ઈમાન ઉપર હુમલો કરે છે અથવા તો કોઈપણ બાબતને સજાવી શણગારીને ગુમરાહ કરી શકે છે કે જેઓ તેની સરપરસ્તીને સ્વિકાર કરે છે અને તેનું અનુસરણ કરે છે. પરંતુ તે લોકો કે જેઓ અલ્લાહના મુખ્લસ બંદાઓ છે, તેની ઉપર ઈમાન ધરાવે છે અને તેની ઉપર ભરોસો કરે છે તે લોકો ઉપર શયતાનનું કંઈ ચાલતુ નથી. આ આધારે દરેક તે શખ્સ કે જે ચાહતો હોય કે તેનો દીન અને ઈમાન સલામત રહે તો તેને જોઈએ કે ખુદા ઉપર ઈમાન રાખે અને ખુલુસે દિલથી તેની ઈબાદત કરે. ઈખ્લાસ અને ઈમાન ઈન્સાનને શયતાની હુમલાઓથી સુરક્ષિત રાખશે.

## એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયતઃ

આ ગયબતના ઝમાનામાં દીન અને ઈમાનની હિફાઝતનો સૌથી શ્રેષ્ઠ અને સૌથી ભરોસાપાત્ર રસ્તો એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત અને મોહબ્બત છે. જે દુનિયામાં એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત અને ઈમામતને કબુલ કરશે અને દિલની દુનિયાને તેઓની મોહબ્બતથી પ્રકાશિત અને મુનવ્વર રાખશે તેની આખેરત આબાદ હશે અને તે શખ્સની આખેરત આબાદ હશે કે જે દુનિયાથી સહીહ ઈમાન અને અકીદાથી રૂખ્સત થશે. એટલે કે તેના આખરી સમય સુધી તે દીન અને ઈમાન ઉપર કાયમ અને અડગ હશે. એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત તેને ગયબતના ઝમાનાના ફીત્નાઓ અને ખતરાઓથી સુરક્ષિત રાખશે. હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.) એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી આ રિવાયતની નકલ ફરમાવી છે કેઃ

مَنْ أَحَبَّ أَنْ يَحْيَا حَيَاةً تُشْبِهُ حَيَاةَ الْأَنْبِيَاءِ، وَيَمُوتَ مِيتَةً تُشْبِهُ مِيتَةَ الشُّهَدَاءِ، وَيَسْكُنَ الْجِنَانَ الَّتِي غَرَسَهَا الرَّحْمٰنُ، فَلْيَتَوَلَّ عَلِيًّا، وَلْيُوَالِ وَلِيَّهُ، وَلْيَقْتَدِ بِالْأَئِمَّةِ مِنْ بَعْدِهِ

*'જે અંબિયા (અ.મુ.સ.) જેવી ઝિંદગી પસાર કરવા ચાહતો હોય અને શહીદોની જેમ મરવા ચાહતો હોય અને તે જન્નતમાં રહેવા ચાહતો હોય કે જેને રહમાને તૈયાર કરી છે તો તેને જોઈએ કે અલી (અ.સ.)ને પોતાના વલી માને અને તેમના વલીને દોસ્ત રાખે અને તેમના પછી જે અઈમ્મા (અ.મુ.સ.) છે તેમનું અનુસરણ કરે.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૨૦૮, હ. નં. ૩)

જનાબે અબાન બિન તગ્લબનું બયાન છે કે મેં હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું:

مَنْ أَرَادَ أَنْ يَحْيَا حَيَاتِي وَيَمُوتَ مِيتَتِي وَيَدْخُلَ جَنَّةَ عَدْنٍ الَّتِي غَرَسَهَا اللّٰهُ رَبِّي بِيَدِهِ فَلْيَتَوَلَّ عَلِيَّ بْنَ أَبِي طَالِبٍ وَلْيَتَوَلَّ وَلِيَّهُ وَلْيُعَادِ عَدُوَّهُ وَلْيُسَلِّمْ لِلْأَوْصِيَاءِ مِنْ بَعْدِهِ

*'જે ચાહતો હોય કે મારી જેવી ઝિંદગી પસાર કરે અને મારી જેમ આ દુનિયાથી જાય અને તે જન્નતમાં દાખલ થાય કે જેને મારા પરવરદિગાર અલ્લાહે તૈયાર કરી છે તો તેને જોઈએ કે અલી બિન અબી તાલિબ (અ.સ.)ને*

*પોતાના મૌલા કરાર દે અને તેમના વલીની વિલાયતને કબુલ કરે અને તેમના દુશ્મનોથી દુશ્મની રાખે અને તેમના પછી જે અવ્સીયા (છે તેમની ઈમામત અને વિલાયત)ને કબુલ કરે.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૨૦૯, હ. નં. ૫)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)ની આ રિવાયત ઉપર ધ્યાન આપો. એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયતની શું શું અસરો છે. જે શખ્સ તે અસરોથી ફાયદો ઉઠાવવા ચાહતો હોય તેના માટે જરૂરી છે કે તે એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત અને ઈમામતનો સ્વિકાર કરે.

قَالَ أَبُوْ جَعْفَرٍ عَلَيْهِ السَّلَامُ وَإِنَّ الرَّوْحَ وَالرَّاحَةَ وَالْفَلْجَ وَالْعَوْنَ وَالنَّجَاحَ وَالْبَرَكَةَ وَالْكَرَامَةَ وَالْمَغْفِرَةَ وَالْمُعَافَاةَ وَالْيُسْرَ وَالْبُشْرٰى وَالرِّضْوَانَ وَالْقُرْبَ وَالنَّصْرَ وَالتَّمَكُّنَ وَالرَّجَاءَ وَالْمَحَبَّةَ مِنَ اللهِ عَزَّ وَجَلَّ لِمَنْ تَوَلّٰى عَلِيّاً وَ ائْتَمَّ بِهٖ وَبَرِءَ مِنْ عَدُوِّهٖ وَسَلَّمَ لِفَضْلِهٖ وَلِلْأَوْصِيَاءِ مِنْ بَعْدِهٖ حَقًّا عَلَيَّ أَنْ أُدْخِلَهُمْ فِيْ شَفَاعَتِيْ وَحَقٌّ عَلٰى رَبِّيْ تَبَارَكَ وَتَعَالٰى أَنْ يَسْتَجِيْبَ لِيْ فِيْهِمْ فَإِنَّهُمْ أَتْبَاعِيْ وَمَنْ تَبِعَنِيْ فَإِنَّهٗ مِنِّيْ

*'ચોક્કસ ૧. આરામ ૨. રાહત ૩. સરબલંદી ૪. મદદ ૫. કામ્યાબી ૬. બરકત ૭. ઈઝઝત ૮. મગ્ફેરત ૯. બખ્શીશ ૧૦. આસાનીઓ ૧૧. ખુશખબરીઓ ૧૨.*

*પરવરદિગારની ખુશ્નુદી ૧૩. ખુદાની કુરબત ૧૪. ગલબા અને મદદ ૧૫. શફાઅતની ઉમ્મીદ અને ૧૬. ખુદાની મોહબ્બત તેના માટે છે કે જે અલી (અ.સ.)ને વલી માને.*

*તેમની ઈમામતમાં માનનારો હોય, તેમના દુશ્મનોથી બરાઅત કરે અને તેમની ફઝીલતોનો સ્વિકાર કરે. તેમના પછી તેમના અવ્સીયા (૧૧ ઈમામોની વિલાયત અને ઈમામત)ને કબુલ કરે. મારા ઉપર એ હક છે કે હું તેઓને મારી શફાઅતમાં શામીલ કરૂં અને મારા પાક પરવરદિગાર ઉપર એ હક છે કે તેમના હકમાં મારી શફાઅતને કબુલ કરે. આ લોકો મને અનુસરનારા છે અને જે મને અનુસરે તે મારામાંથી છે.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૨૧૦, હ. નં. ૭)

ઉપરોકત રિવાયતો ઉપર ધ્યાન આપો. પહેલી રિવાયતમાં અંબીયા (અ.મુ.સ.) જેવી ઝિંદગી અને શહીદો જેવી મૌતનું વર્ણન કરવામાં આવ્યું છે. બીજી રિવાયતમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જેવી ઝિંદગી અને મૌતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ત્રીજી રિવાયતમાં ખુશબખ્તીઓ અને નેઅમતોનું વર્ણન કરવામાં આવ્યું. દરેક રિવાયતમાં તે જન્નતની વાત કરવામાં આવી છે કે જેને ખુદાવંદે આલમે ખુદ પોતે તૈયાર કરી છે. એટલે કે જન્નતોમાં પણ સૌથી ઉચ્ચ જન્નત છે. આ વાત બિલ્કુલ જાહેર છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી બેહતર, વધારે કામ્યાબ, વધારે મહાન અને ખુદાની પાસે વધારે પ્રિય ઝીંદગી બીજા કોઈની નથી. આ પ્રકારની શ્રેષ્ઠ ઝિંદગીનો એક રસ્તો છે અને તે છે એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત અને ઈમામત ઉપર સાબિત કદમ રહેવું અને તેના તકાઝાઓને પૂર્ણ કરવા. તેની સાથે સાથે એ હકીકત પણ

સ્પષ્ટ છે કે જે પણ એહલેબૈત (અ.મુ.સ.)ની વિલાયત અને ઈમામતને કબુલ નહિં કરે, તેમના ફઝાએલ અને મનાકીબને તસ્લીમ નહિં કરે, તેમના દોસ્તોને દોસ્ત નહિં રાખે અને તેમના દુશ્મનોથી બરાઅત નહિં કરે તે એ તમામ ખુશબખ્તીઓથી અને જન્નતથી વંચિત રહી જશે.

## તેનાથી શ્રેષ્ઠ કોઈ રસ્તો નથીઃ

જ્યારે ઈન્સાનને પોતાના દીન અને મઝહબના હક હોવાનું યકીન હોય છે તો તે તેની હિફાઝત પણ કરે છે અને કોઈપણ વસ્તુના બદલામાં તે દીન આપવા તૈયાર નહિં થાય. શીઆ ઈસ્નાઅશરી મઝહબ તે મઝહબ છે કે જેની હકાનીય્યત પ્રકાશિત દિવસની માફક રોશન છે. આપણે આજ દીન ઉપર સાબિત કદમ રહેવાનું છે. હઝરત ઈમામ મુસા બિન જઅફર (અ.સ.)એ ફરમાવ્યું છે:

إِذَا فُقِدَ الْخَامِسُ مِنْ وُلْدِ السَّابِعِ، فَاللهَ اللهَ فِي أَدْيَانِكُمْ،
لَايُزِيْلُكُمْ عَنْهَا أَحَدٌ؛ يَابُنَيَّ، إِنَّهُ لَابُدَّ لِصَاحِبِ هٰذَا الْأَمْرِ مِنْ
غَيْبَةٍ حَتّٰى يَرْجِعَ عَنْ هٰذَا الْأَمْرِ مَنْ كَانَ يَقُوْلُ بِهِ، إِنَّمَا هِيَ مِحْنَةٌ
مِنَ اللهِ عَزَّ وَ جَلَّ امْتَحَنَ بِهَا خَلْقَهُ، لَوْ عَلِمَ آبَاؤُكُمْ وَ أَجْدَادُكُمْ
دِيْنًا أَصَحَّ مِنْ هٰذَا، لَاتَّبَعُوْهُ

*‘જ્યારે સાતમાંના પાંચમાં ફરઝંદ નજરોથી ગાયબ થઈ જશે ત્યારે ખુદારા ખુદારા તમારા દીનનું ખાસ ધ્યાન રાખજો. કોઈપણ તમને આ દીનથી દૂર ન કરી દે. અય મારા ફરઝંદ! સાહેબુલ અમ્ર માટે એક એવી ગયબત છે*

*જેમાં તે લોકો આ અકીદાથી ફરી જશે કે જેઓ તેમને માનનારા હતા. આ ગયબત અલ્લાહ તઆલાની તરફથી મખ્લુકાતનું એક ઈમ્તેહાન છે. અગર તમારા બાપ દાદાઓની નજરોમાં આનાથી શ્રેષ્ઠ કોઈ દીન હોત તો તેઓ તેનું અનુસરણ કરત.'*

(કાફી, ભાગ-૧, પાના નં. ૩૩૬, હ. નં. ૨)

એટલેકે ગયબતના ઝમાનામાં ૧૨ ઈમામો (અ.મુ.સ.)ની ઈમામત ઉપર સાબિત કદમ રહેવું, બારમાં ઈમામ (અ.સ.)ની ગયબત ઉપર યકીન રાખવું, તેમના ઝુહુરનો ઈન્તેઝાર કરવો, ઝુહુર માટે ઝમીનને સાનુકુળ બનાવવી, તકવા, ઈમાન, નેક કાર્યો અને સારા અખ્લાકથી પોતાની ઝાતને તૈયાર કરવી કે જેથી ઝુહુરના સમયે તેમના ખિદમતગુઝારોમાં શુમાર થવાની ખુશબખ્તી પ્રાપ્ત થાય. આ સૌથી શ્રેષ્ઠ કામ છે કે જેને અંજામ આપવું સઆદત જ સઆદત છે અને આ સાબિત કદમ રહેવું જ ગયબતના ઝમાનામાં આપણને દીનથી ફરી જવાથી સુરક્ષિત રાખશે.

## દોઆએ મઅરેફતઃ

હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) એ પોતાના ખાસ સહાબી જનાબે ઝોરારહ સાથે જ્યારે આખરી ઝમાનાની પરિસ્થિતિની વાત કરી ત્યારે ઈમામે ઝમાના (અ.સ.)ની ગયબતનું વર્ણન કર્યુ અને ફરમાવ્યુંઃ તે એવા મુન્તઝર છે કે જેના બારામાં લોકો શંકા કરશે કે શું તેમની વિલાદત થઈ ગઈ છે કે નહિં? કોઈ કહેશે કે તેમના વાલિદ કોઈ ફરઝંદને છોડીને ગયા નથી, કોઈ કહેશે કે હજુ ગર્ભમાં છે, કોઈ કહેશે કે તેઓ તેમના પિતાની વફાતના બે

વર્ષ પહેલા પૈદા થઈ ચૂકયા છે. તેઓ જ મુન્તઝર છે. હાં ખુદાવંદે આલમ શીઆઓનું ઈમ્તેહાન લેવા ચાહે છે. તે સમયે બાતિલ લોકો શક અને શંકાઓમાં મુબ્તેલા થશે.

ત્યારે જનાબે ઝોરારહ એ ઈમામ (અ.સ.)ની ખિદમતમાં અરજ કરી કે અગર હું તે ઝમાનો પામું તો કયો અમલ અંજામ આપુ? ઈમામ (અ.સ.) એ ફરમાવ્યું:

*'અગર તમે તે ઝમાનો પામો તો આ દોઆ પઢજો.'*

اَللّٰهُمَّ عَرِّفْنِيْ نَفْسَكَ فَإِنَّكَ إِنْ لَمْ تُعَرِّفْنِيْ نَفْسَكَ لَمْ أَعْرِفْ
نَبِيَّكَ اللّٰهُمَّ عَرِّفْنِيْ رَسُوْلَكَ فَإِنَّكَ إِنْ لَمْ تُعَرِّفْنِيْ رَسُوْلَكَ لَمْ
أَعْرِفْ حُجَّتَكَ اَللّٰهُمَّ عَرِّفْنِيْ حُجَّتَكَ فَإِنَّكَ إِنْ لَمْ تُعَرِّفْنِيْ حُجَّتَكَ
ضَلَلْتُ عَنْ دِيْنِيْ

*'ખુદાયા! તું મને ખુદ તારી ઝાતની મઅરેફત અતા કર, અગર તે મને તારી ઝાતની મઅરેફત અતા ન કરી તો હું તારા નબીની મઅરેફત પ્રાપ્ત નહિં કરી શકું.*

*'ખુદાયા! તું મને તારા રસુલની મઅરેફત અતા કર, અગર તે મને તારા રસુલની મઅરેફત અતા ન કરી તો હું તારી હુજ્જતની મઅરેફત પ્રાપ્ત નહિં કરી શકું.*

*'ખુદાયા! તું મને તારી હુજ્જતની મઅરેફત અતા કર, અગર તે મને તારી હુજ્જતની મઅરેફત અતા ન કરી તો હું મારા દીનથી ભટકી જઈશ.'*

(કાફી ભાગ-૧, પાના નં. ૩૩૭, હદીસ નં. ૫)

અગર ખુદા, રસુલ અને હુજ્જતે ખુદાની મઅરેફત પ્રાપ્ત ન થાય તો તેનો અંજામ ગુમરાહી છે. ઉપરોકત તમામ મઅરેફતો ખુદાવંદે આલમની બારગાહમાં ખુલુસે દિલથી દોઆ માંગવાથી પ્રાપ્ત થઈ શકે છે. ઈન્સાનથી મેળવેલી મઅરેફતમાં ભૂલની શકયતા રહેલી છે પરંતુ ખુદાવંદે આલમ તરફથી અતા કરવામાં આવેલી મઅરેફતમાં લેશમાત્ર ભૂલની પણ શકયતા નથી.

## ઈમામતના અકીદા ઉપર સાબિત કદમ રહેવું:

આ ગયબતના ઝમાનામાં શીય્યત ઉપર ચારે તરફથી હુમલાઓ થઈ રહ્યા છે. એહલેબૈત (અ.મુ.સ.)ની ઈમામત અને વિલાયતને કમઝોર કરવાની કોશિશો થઈ રહી છે. ગૈરથી નજદિકી અને પોતાનાથી દુરી ઈખ્તેયાર કરવામાં આવી રહી છે. જો કે જેમ જેમ ઝુહુરના દિવસો નજદિક આવી રહ્યા છે તેમ-તેમ શયતાનના દિવસો ખતમ થઈ રહ્યા છે. તે પોતાની ઝિંદગીના આખરી દિવસોમાં પોતાની સમગ્ર શકિતને કામે લગાવી રહ્યો છે કે જેથી કરીને જેટલું બની શકે તેટલું લોકોને સેરાતે મુસ્તકીમ (એહલેબૈત અ.મુ.સ.ની ઈમામત અને વિલાયતના રસ્તા)થી ફેરવી શકે. આ આધારે આ ગયબતના ઝમાનામાં ભૂલ અને ખતા થવાની શકયતાઓ ખૂબજ વધારે છે. પરંતુ આ પરિસ્થિતિમાં સાબિત કદમ રહેવું પણ તેટલું જ જરૂરી છે.

હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) એ પોતાના જદ્દે બુઝુર્ગવાર અમીરૂલ મોઅમેનીન, હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી રિવાયત નોંધ કરે છે.

અલી (અ.સ.) એ ફરમાવ્યું:

اِنَّ لِلْقَائِمِ عَلَيْهِ السَّلَامُ مِنَّا غَيْبَتَيْنِ اِحْدٰهُمَا أَطْوَلُ مِنَ الْاُخْرٰى، اَمَّا الْاَوَّلٰى فُسْتَةٌ أَيَّامٍ أَوْ سِتَّةَ أَشْهُرٍ اَوْسِتَّ سَنِيْنَ، وَ اَمَّا الْاُخْرٰى فَيَطُوْلُ أَمَدُهَا حَتّٰى يَرْجِعُ عَنْ هٰذَا الْأَمْرِ أَكْثَرُ مَنْ يَقُوْلُ بِهٖ، فَلَا يُثْبِتُ عَلَيْهِ الْاَمَنِ قَوِيٌّ يَقِيْنُهٗ وَ صِحَّتَ مَعْرِفَتُهٗ

*‘અમારા કાએમ (અ.સ.) માટે બે ગયબતો છે. એક ગયબત બીજા કરતા વધારે લાંબી હશે. પહેલી ગયબત છ દિવસ, છ મહિના અથવા છ વર્ષની હશે જ્યારે કે બીજી ગયબતનો સમયગાળો ખૂબજ લાંબો હશે. તે ગયબતમાં ઘણા ખરા લોકો એ અકીદાથી ફરી જશે કે જેમાં તેઓ માનનારા હતા.*

*તે ઝમાનામાં ફકત તે લોકો જ અકીદા ઉપર સાબિત કદમ રહેશે કે જેઓનું યકીન મજબુત અને અડગ હશે અને જેઓની મઅરેફત સહીહ હશે.’*

(મુન્તખબુલ અસર, ભાગ-૨, પાના નં. ૩૧૨)

સહીહ મઅરેફત અને મજબુત તથા અડગ યકીન સાબિત કદમ રહેવાનું કારણ બનશે. આથી આ સમયે આપણે અલ્લાહ તઆલાની બારગાહમાં સહીહ મઅરેફત અને અડગ યકીન માટે દોઆ કરતા રહેવી જોઈએ.

## આખરી શબ્દો:

દીન સૌથી મહાન નેઅમત અને સૌથી મૂલ્યવાન પૂંજી છે. આ સમયે, ઈન્સાનો અને જીન્નાતોના શયતાન આપણાથી આ મહાન નેઅમતને છિનવી લેવા માટે તત્પર છે અથવા તો તેની તીવ્રતાને ઘટાડવાની કોશિશો કરી રહ્યા છે. ચારે તરફથી હુમલાઓ થઈ રહ્યા છે. દીનની હિફાઝત અને તેના ઉપર સાબિત કદમ રહેવા માટે એહલેબૈત (અ.મુ.સ.)ની ઈમામત અને વિલાયત તેમજ ખાસ કરીને હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.)ની ઈમામત અને વિલાયત ઉપર સાબિત કદમ રહેવું અત્યંત જરૂરી છે. બસ ફકત અને ફકત આજ નજાતનો એકમાત્ર રસ્તો છે. પરંતુ સવાલ એ છે કે આવી ઉથલપાથલમાં કેવી રીતે આ અકીદા ઉપર સાબિત કદમ રહી શકીએ.

હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) એ કુમમાં પોતાના વકીલ અને સહાબી જનાબે એહમદ ઈબ્ને ઈસ્હાકને ફરમાવ્યું:

يَا أَحْمَدَ بْنَ إِسْحَاقَ إِنَّ اللهَ تَبَارَكَ وَ تَعَالٰى لَمْ يُخَلِّ الْأَرْضَ مُنْذُ خَلَقَ اٰدَمَ عَلَيْهِ السَّلَام وَ لَا يُخَلِّيْهَا إِلٰى أَنْ تَقُوْمَ السَّاعَةُ مِنْ حُجَّةٍ لِلّٰهِ عَلٰى خَلْقِهٖ بِهٖ يَدْفَعُ الْبَلَاءَ عَنْ أَهْلِ الْأَرْضِ وَ بِهٖ يُنَزِّلُ الْغَيْثَ وَ بِهٖ يُخْرِجُ بَرَكَاتِ الْأَرْضِ

***'અય એહમદ બિન ઈસ્હાક! ખુદાવંદે આલમે જ્યારથી જનાબે આદમ (અ.સ.)ને પૈદા કર્યા ત્યારથી ઝમીનને કયારેય હુજ્જતથી ખાલી નથી રાખી અને કયામત સુધી તેને હુજ્જતથી ખાલી નહિં રાખે. આજ હુજ્જત વડે તે ઝમીનવાસીઓથી બલાઓને દુર કરે છે, તેમના જ લીધે***

*વરસાદ વરસાવે છે અને તેમનાજ લીધે ઝમીનની બરકતોને જાહેર કરે છે.'*

એહમદ બિન ઈસ્હાકે હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.)ને પૂછયું કે તમારા પછી કોણ ઈમામ હશે? ઈમામ હસન અસ્કરી (અ.સ.) ઘરમાં તશરીફ લઈ ગયા અને પોતાના ખભા ઉપર પોતાના ફરઝંદને લઈને આવ્યા કે જેમનો ચહેરો ચૌદમીના ચાંદ ની માફક ચમકી રહ્યો હતો. ઈમામ (અ.સ.) એ ઓળખાણ કરાવી અને ફરમાવ્યું:

يَا أَحْمَدَ بْنَ إِسْحَاقَ مَثَلُهُ فِي هٰذِهِ الْأُمَّةِ مَثَلُ الْخَضِرِ عَلَيْهِ السَّلَامُ وَ مَثَلُهُ مَثَلُ ذِي الْقَرْنَيْنِ وَ اللهِ لَيَغِيبَنَّ غَيْبَةً لَا يَنْجُو فِيهَا مِنَ الْهَلَكَةِ إِلَّا مَنْ ثَبَّتَهُ اللهُ عَزَّ وَ جَلَّ عَلَى الْقَوْلِ بِإِمَامَتِهِ وَ وَفَّقَهُ فِيهَا لِلدُّعَاءِ بِتَعْجِيلِ فَرَجِهِ

*'અય એહમદ બિન ઈસ્હાક! તેમની મિસાલ આ ઉમ્મતમાં જનાબે ખિઝર (અ.સ.) અને જનાબે ઝુલ્કરનૈન (અ.સ.)ની જેવી છે. ખુદાની કસમ! તેઓ એવી ગયબત ઈખ્તેયાર કરશે કે તેમાં હલાકતથી કોઈ નહિં બચી શકે સિવાય તેઓ કે જેને ખુદાવંદે આલમ ઈમામતના અકીદા ઉપર સાબિત કદમ રાખે અને તેમના ઝુહુરમાં જલ્દી થવા માટેની દોઆ કરવાની તવફીક અતા ફરમાવે.'*

قُلْتُ يَا ابْنَ رَسُولِ اللهِ وَ إِنَّ غَيْبَتَهُ لَتَطُولُ

قَالَ إِيْ وَ رَبِّيْ حَتّٰى يَرْجِعَ عَنْ هٰذَا الْأَمْرِ أَكْثَرُ الْقَائِلِيْنَ بِهِ

وَ لَا يَبْقَى إِلَّا مَنْ أَخَذَ اللهُ عَزَّ وَ جَلَّ عَهْدَهُ لِوَلَايَتِنَا

وَ كَتَبَ فِي قَلْبِهِ الْإِيمَانَ وَ أَيَّدَهُ بِرُوحٍ مِنْهُ

يَا أَحْمَدَ بْنَ إِسْحَاقَ هٰذَا أَمْرٌ مِنْ أَمْرِ اللهِ وَ سِرٌّ مِنْ سِرِّ اللهِ

وَ غَيْبٌ مِنْ غَيْبِ اللهِ فَخُذْ مَا آتَيْتُكَ وَ اكْتُمْهُ

وَ كُنْ مِنَ الشَّاكِرِينَ تَكُنْ مَعَنَا غَدًا فِي عِلِّيِّينَ

*'મેં અરજ કરી અય ફરઝંદે રસુલ (સ.અ.વ.)! શું તેમની ગયબત લાંબી હશે? ફરમાવ્યું: ચોક્કસ હા. ખુદાની કસમ! ત્યાં સુધી કે આ અકીદાથી ઘણા ખરા લોકો ફરી જશે કે જેઓ માનનારા હતા. તે અકીદા ઉપર કોઈ સાબિત કદમ નહિં રહે સિવાય કે તે શખ્સ કે જેની પાસેથી ખુદાવંદે આલમે અમારી ઈમામત અને વિલાયતથી અહદ અને પયમાન લીધો હશે અને જેના દિલમાં ઈમાન લખી દીધું હશે અને ખાસ ફરિશ્તા વડે તેની મદદ કરી હશે.*

*અય એહમદ બિન ઈસ્હાક! આ ખુદાના અમ્રમાંથી એક અમ્ર છે, ખુદાના ભેદમાંથી એક ભેદ છે, ખુદાના ગયબમાંથી એક ગયબ છે. જે કંઈ મેં આપ્યું છે તેની હિફાઝત કરજો અને શુક્ર કરનારાઓમાં શામેલ થજો. કાલે અમારી સાથે જન્નતના સૌથી શ્રેષ્ઠ દરજ્જાઓમાં હશો.'*

(કમાલુદ્દીન ભાગ-૨, પાના નં. ૩૮૪, હદીસ નં. ૩૮,
મિકયાલુલ મકારીમ ભાગ-૧, પાના નં. ૧૧૮, હદીસ નં. ૩૦૨)

અત્યારે આપણે જેટલી વધારેમાં વધારે આપણા ઝમાનાના ઈમામ હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અસ્કરી (અ.સ.)ની તંદુરસ્તી, સલામતી અને ઝુહુરમાં જલ્દી થવા માટે ખુદાવંદે આલમ પાસે દોઆ કરીશું, નેક કાર્યો અને સારા અખ્લાકથી તેમને ખુશ કરવાની કોશિશ કરીશું તેટલું જ સહીહ અકીદા ઉપર સાબિત કદમ રહીશું.

આ ઝમાનામાં સહીહ અકીદા ઉપર સાબિત કદમ રહેવા માટે તે રસ્તાઓ ઉપર ચાલવું જરૂરી છે કે જે એહલેબૈત (અ.મુ.સ.)એ બયાન ફરમાવ્યા છે. આપણે આપણા અકીદાઓ અને આઅમાલની બાબત મરાજેએ કેરામ અને આલિમો તરફ રજુ થવું જોઈએ, તવઝીહુલ મસાએલ વિગેરેમાં જે બાબતો બયાન કરવામાં આવી છે તેના ઉપર પાબંદી સાથે અમલ કરવો જોઈએ અને સતત પોતાના ઝમાનાના ઈમામ (અ.સ.)થી સિરાતે મુસ્તકીમ ઉપર સાબિત કદમ રહેવા માટેની દરખ્વાસ્ત કરતા રહેવી જોઈએ. ઈમામે અસ્ર (અ.સ.)ની ઈનાયત વગર સાબિત કદમ રહેવું મુશ્કેલ કામ છે. ઝમાનાના ઈમામ (અ.સ.)ની ઈનાયતો માટે તકવા અને પરહેઝગારી જરૂરી છે. ખુદાવંદે આલમ આપણને દરેકને તેની શ્રેષ્ઠ તવફીક અતા ફરમાવે.

અલ્લાહ તબારક વ તઆલા સિદ્દીક એ તાહેરા, હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ના સદકામાં આપણને દરેકને ઝુહુર માટે વધુને વધુ દોઆ કરવાની તવફીક અતા ફરમાવે અને તે લોકોમાં શામેલ ફરમાવે કે જેઓ પાસેથી તેણે ઈમામત અને વિલાયતનો અહદ અને પયમાન લીધો છે તેમજ ખાસ ફરિશ્તાઓ વડે જેઓની મદદ ફરમાવી છે.

આમીન રબ્બલ આલમીન.